# ગુજરાતમાં વરસાદથી 56નાં મોત

**૪૦,૫૦૦થી** વધુનું સ્થળાંતર; 2,600નું રેસ્ક્યુ

**હવે** ઉત્તર અને મધ્ય ગુજરાતમાં 'મેઘતાંડવ'ની ચેતવણી સાથે ૭ જિલ્લામાં 'રેડ એલર્ટ'

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં સર્જાયેલી ભારે પૂર હોનારત બાદ હવે આફતનો કોપ ઉત્તર અને મધ્ય ગુજરાત તરફ ફંટાયો છે. રાજ્યમાં અવિરત વરસી રહેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિના કારણે વધુ ૩૧ લોકોનાં કરૂણ મોત નિપજ્યાં હતાં, જેની સાથે મોસમનો કુલ મૃત્યુઆંક ૫૬ પર પહોંચી ગયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૪૦,૫૦૦થી વધુ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૨,૬૦૦થી વધુ લોકોને રેસ્ક્યૂ કરી ઉગારી લેવાયા છે. હાલમાં રાજ્ય પર એકસાથે ૫ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી હવામાન વિભાગ દ્વારા શનિ અને રવિવાર દરમિયાન ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ રવિવાર સુધી તોફાની વરસાદી માહોલ જળવાઈ રહેવાની આગાહી કરાઈ છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સમગ્ર રાજ્યના વહીવટી તંત્રને હાઈ એલર્ટ મોડ પર મૂકી દીધું છે.

હાલમાં રાજ્ય પર એકસાથે ૫ જેટલી વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી હવામાન વિભાગ દ્વારા શનિવાર અને રવિવાર દરમિયાન ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. દક્ષિણ-પૂર્વ રાજસ્થાન પર સર્જાયેલું લો-પ્રેશર હવે વધુ મજબૂત બની ગયું છે અને તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન આશરે ૯.૪ કિમીની ઊંચાઈ સુધી વિસ્તરેલું છે. મોન્સૂન ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ગુજરાતથી કર્ણાટક કોસ્ટ સુધી વિસ્તરેલો 'ઓફશોર ટ્રફ' એકસાથે સક્રિય હોવાથી રાજ્યમાં આટલી અતિવૃષ્ટિ સર્જાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, મહિસાગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ તથા રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબી અને બોટાદમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે. અમદાવાદ અને રાજધાની ગાંધીનગરમાં પણ ૬૫ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે રવિવાર સુધી તોફાની વરસાદી માહોલ જળવાઈ રહેશે.

સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર સ્થિત SEOC ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. વલસાડ અને નવસારીમાં મોસમનો સરેરાશ ૯૦% થી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. સરકારે અત્યાર સુધીમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૪૦,૫૦૦થી વધુ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કર્યું છે અને ૨,૬૦૦થી વધુ લોકોને રેસ્ક્યૂ કર્યા છે. અસરગ્રસ્તોને કેશડોલ્સ અને ઘરવખરી સહાય માટે રૂ. ૪૦ કરોડની ફાળવણી કરાઈ છે, જ્યારે ૩૬૫ રસ્તાઓ પુનઃશરૂ કરી દેવાયા છે. વીજ પુરવઠો પૂર્વવત કરવા ૩૫૦ ટીમો કાર્યરત છે. હાલમાં સમગ્ર રાજ્યમાં NDRFની ૧૭, SDRFની ૩૨ અને ભારતીય સેના (આર્મી)ની ૬ ટુકડીઓ રાહત કાર્યોમાં તૈનાત છે.

**આપત્તિ વચ્ચે રાજ્યભરમાંથી રેસ્ક્યૂ ઓપરેશનના અનેક દિલધડક કિસ્સાઓ સામે આવ્યા છે:**

**ચાંગોદર (ગેલોપ્સ પાર્ક):** અમદાવાદના ચાંગોદર ખાતે ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ૬થી ૧૦ ફૂટ પાણી ભરાતાં ૧,૦૦૦ જેટલા શ્રમિકો ફસાયા હતા. અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટની આગેવાની હેઠળ આર્મી, NDRF, SDRF, કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક પોલીસે બોટ અને ટ્રેક્ટર વડે ૫૦૦થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

**સાંતલપુરમાં NDRF તૈનાત:** પાટણના સાંતલપુરમાં ૭થી ૮ ગામો સંપર્કવિહોણા બનતાં સુરતથી NDRFની ૩૦ જવાનોની વિશેષ ટીમને બોટ અને આધુનિક સાધનો સાથે ખડેપગે રાખવામાં આવી હતી.

**સાણંદ-વિરમગામ હાઈવે પર એસટી બસ પલટી:** અમદાવાદ-નખત્રાણા રૂટની એસટી બસ પૂરના પ્રવાહમાં પલટી જતાં મુસાફરોએ બસની છત પર ચઢીને જીવ બચાવ્યો હતો.

**પોલીસે માનવતા દાખવી:** વાપીના મોરાઈ પાસે વીજપોલના સહારે જીવ બચાવી રહેલા યુવકને ડુંગરા PI બી.એન. ગોહિલ અને તેમની ટીમે જીવના જોખમે ઉગાર્યો હતો. આ ઉપરાંત, ૧૦૮ એમ્બ્યુલન્સ ન પહોંચી શકતાં પાટડી પોલીસે ગર્ભવતી મહિલાને ખાટલામાં ઊંચકીને હોસ્પિટલ પહોંચાડી સરાહનીય કામગીરી કરી હતી.

દરમિયાન, વલસાડમાં મધુબન ડેમ તૂટ્યો હોવાની અફવા સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વલસાડ જિલ્લા કલેક્ટરે સ્પષ્ટતા કરી છે કે ડેમ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને માત્ર નિયંત્રિત રીતે ૮૦,૦૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. તંત્ર દ્વારા નાગરિકોને કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરવા, બિનજરૂરી પ્રવાસ ટાળવા અને માત્ર સત્તાવાર સૂચનાઓનું જ પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

# અનુસ્નાતક ઈજનેરી પ્રવેશના પ્રથમ રાઉન્ડમાં 1317 વિદ્યાર્થીને બેઠક ફાળવાઈ

**26 જુલાઈ** સુધી ઓનલાઈન ટોકન ટ્યુશન ફી ભરીને પ્રવેશ નિશ્ચિત કરવાનો રહેશે

અમદાવાદઃ રાજ્ય સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ (ACPC) દ્વારા રાજ્યની સરકારી, અનુદાનિત, સ્વાયત અને સ્વનિર્ભર સંસ્થાઓમાં અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમોના પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડમાં કુલ 1317 વિદ્યાર્થીને વિવિધ સંસ્થાઓમાં બેઠકો ફાળવવામાં આવી છે. બેઠક મેળવનાર વિદ્યાર્થીઓ આવતીકાલ તા. 26 જુલાઈ, 2026 સુધી ઓનલાઈન ટોકન ટ્યુશન ફી ભરી પોતાનો પ્રવેશ કન્ફર્મ કરી શકશે. પ્રવેશ સમિતિના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પ્રવેશ પ્રક્રિયામાં અનુસ્નાતક ઈજનેરી પ્રવેશ માટે રાજ્યમાં ઉપલબ્ધ કુલ 5244 બેઠકમાંથી ACPC હેઠળની 4312 બેઠક માટે કુલ 1935 વિદ્યાર્થીએ નોંધણી કરાવી હતી. તેમાં જીએટીઈ લાયકાત ધરાવતા 154 અને જીએટીઈ સિવાયના 1781 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. જીએટીઈ સિવાયના ઉમેદવારો માટે 27 અને 28 જૂન દરમિયાન ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા પીજીસીઈટી -2026 પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને લાયકાતના આધારે તૈયાર કરાયેલા મેરિટ મુજબ કુલ 1688 વિદ્યાર્થીને મેરિટ ક્રમાંક આપવામાં આવ્યો હતો. પ્રવેશ પ્રક્રિયામાં જીએટીઈ લાયકાત ધરાવતા ઉમેદવારોને તેમની કેટેગરી મુજબ અગ્રતા આપવામાં આવી હતી.

મોક રાઉન્ડ અને ત્યારબાદ પ્રથમ રાઉન્ડ માટે ઓનલાઈન ચોઈસ ફિલિંગ પૂર્ણ થયા બાદ જાહેર કરાયેલી બેઠક ફાળવણી મુજબ સરકારી કોલેજોની 749 બેઠક સામે 494 વિદ્યાર્થીને પ્રવેશ ઓફર કરવામાં આવ્યો છે. અનુદાનિત અને સ્વાયત સંસ્થાઓની 429 બેઠકોમાંથી 202 બેઠકો ફાળવાઈ છે, જ્યારે ખાનગી સંસ્થાઓની 2888 બેઠકો સામે 621 વિદ્યાર્થીઓને બેઠક ઓફર કરવામાં આવી છે.

જે વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં બેઠક ફાળવાઈ છે તેઓએ 26 જુલાઈ સુધી ઓનલાઈન ટોકન ટ્યુશન ફી ભરીને પ્રવેશ નિશ્ચિત કરવાનો રહેશે. જ્યારે વધુ પસંદગીની બેઠક મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ 27થી 29 જુલાઈ દરમિયાન રાઉન્ડ-2 માટે ઓનલાઈન સંમતિ આપી ફરીથી ચોઈસ ફિલિંગ કરી શકશે. બીજા રાઉન્ડમાં પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકોના આધારે નવી બેઠક ફાળવણી કરવામાં આવશે.

## નાણાવટના અનુપમ ચેમ્બર્સમાંથી ૫.૬૫ લાખની ઈ-સિગરેટ પકડાઈ

સુરતઃ નાણાવટ અનુપમ ચેમ્બરના એક મકાનમાં લાલગેટ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી વિવિધ બ્રાન્ડની ૧૧૦ પ્રતિબંધિત ઈ-સિગારેટ અને મોબાઈલ ફોન સહિત કુલ ૫.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી યુવકની અટકાયત કરી છે. અહીંથી પોલીસે ૨૮ વર્ષીય મોહમંદ અલી અબ્દુલ સત્તાર બિલીમોરાવાળાની ધરપકડ કરી છે.

પોલીસે પાડેલા દરોડા દરમિયાન ઘરના બેડરૂમમાં રાખેલા કબાટમાંથી વાદળી રંગની પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી. તેની તપાસ કરતાં 'ELFBAR', 'IGET MOVE', 'YUOTO LENS' અને 'GROWN BAR' સહિતની વિવિધ વિદેશી બ્રાન્ડની જુદી-જુદી ફ્લેવરની કુલ ૧૧૦ ઈ-સિગારેટ મળી આવી હતી, જેની કિંમત અંદાજે ૫.૫૦ લાખ હોવાનું બહાર આવ્યું હતું.

# પશ્ચિમ બંગાળની અદીના મસ્જિદમાં શિવલિંગની સ્થાપના કરીને તેની પૂજા શરૂ કરવામાં આવશે

મધ્ય પ્રદેશમાં ભોજશાળા અને ગુજરાતમાં સમડી વિહાર જૈન મંદિરના વિવાદ પછી હવે પશ્ચિમ બંગાળમાં અદીના મસ્જિદનો વિવાદ જોર પકડી રહ્યો છે, જે મૂળમાં જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનને સમર્પિત મંદિર હોવાનું માનવામાં આવે છે. ૬૫૦ વર્ષ જૂની અદીના મસ્જિદમાં મંદિરના માલિકીના દાવાને મજબૂત બનાવવા માટે ભાજપના એક નેતાએ જાહેરાત કરી છે કે તેઓ આવતા સોમવારે તેમાં પૂજા કર્યા પછી શિવલિંગ સ્થાપિત કરશે. અગાઉ બહેરામપુરના સાંસદ યુસુફ પઠાણે મસ્જિદની સફાઈ કર્યા પછીના ફોટા શેર કરીને વિવાદ ઊભો કર્યો હતો. તે સમયે ટીએમસીના સભ્ય રહેલા ક્રિકેટર યુસુફ પઠાણે લખ્યું હતું કે તેને અદીના મસ્જિદની સફાઈ કરવામાં આનંદ આવ્યો હતો. તાજેતરમાં સ્થાનિક ભાજપના નેતાઓએ મસ્જિદ પાસે પૂજા કરીને વિવાદને વધુ વેગ આપ્યો છે. હિન્દુ સંગઠનો અને ભાજપના નેતાઓ દાવો કરે છે કે આ સ્થળ એક સમયે મંદિર હતું. માલદામાં આ ઝુંબેશ 'આદિનાથ પુરાતન શિવ મંદિર સંગઠન' દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ મુદ્દે પઠાણ તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

અદીના મસ્જિદ પાસે પૂજાની ઘટના બાદ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) એ ચેતવણી આપી છે કે ઈ.સ. ૧૩૭૩ માં બનેલી અદીના મસ્જિદમાં કોઈને પણ અંદર જવા દેવામાં આવશે નહીં. ASI નો દાવો છે કે માલદાના પાંડુઆમાં આવેલી અદીના મસ્જિદ સિકંદર શાહ દ્વારા બનાવવામાં આવી હતી. તેને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા મધ્યયુગીન સમયગાળા દરમિયાન સમગ્ર ઉપખંડમાં સૌથી મોટી મસ્જિદ માનવામાં આવે છે. જો કે, હિન્દુ જૂથો અને ભાજપનો દાવો છે કે આ મસ્જિદ ભગવાન શિવને સમર્પિત આદિનાથ મંદિરની જગ્યા પર બનાવવામાં આવી હતી. આદિનાથ પુરાતન શિવ મંદિરના મુખ્ય રક્ષક અને ઉત્તર બંગાળ માટે ભાજપના ગુડ ગવર્નન્સ વિંગના કન્વીનર કાજલ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, આ કહેવાતી મસ્જિદમાં હિન્દુ અને બૌદ્ધ (હકીકતમાં જૈન તીર્થંકર) મૂર્તિઓ છે. પશ્ચિમ બંગાળમાં ભાજપનું શાસન આવ્યા પછી મંદિર તોડીને બનાવેલી આ મસ્જિદને ફરીથી મંદિરમાં રૂપાંતરિત કરવાની ઝુંબેશ જોર પકડી રહી છે.

ટુ ધ પોઈન્ટ
■ સંજય વોરા ■

સંગઠનનો દાવો છે કે શિવલિંગ ઉપરાંત, મસ્જિદમાં હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મ સાથે સંબંધિત અસંખ્ય આકૃતિઓ અને પ્રતીકો છે. તેઓ કહે છે કે તેઓ ટૂંક સમયમાં આ બાબતે ASI રિપોર્ટ મેળવવા માટે કોલકત્તા હાઈકોર્ટનો સંપર્ક કરશે. ગોસ્વામીનો દાવો છે કે તેમનો ઉદ્દેશ મંદિરનું પુનર્નિર્માણ કરવાનો અને અંદર શિવલિંગ સ્થાપિત કરવાનો છે. મસ્જિદની નજીક સ્થાપિત કરવા માટે ૨૮૯ કિલોમીટર દૂર તારકેશ્વરથી ૩.૬ ફૂટ ઊંચું અને ૧.૫ ટન વજન ધરાવતું શિવલિંગ લાવવામાં આવી રહ્યું છે. ગોસ્વામીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ કાયદાનું પાલન કરશે. તેઓ કાયદો અને વ્યવસ્થાની કોઈ



સમસ્યા ઈચ્છતા નથી. તેઓ ASI અને પોલીસના પ્રતિનિધિઓ સાથે પહેલેથી જ બેઠકો કરી ચૂક્યા છે અને તેમણે તેમને મસ્જિદ પરિસરની બહાર પૂજા કરવા કહ્યું છે.

ASIની વેબસાઈટ મુજબ આદિના મસ્જિદ મધ્યયુગીન સમયમાં ફક્ત બંગાળમાં જ નહીં પરંતુ સમગ્ર ઉપખંડમાં સૌથી મોટી મસ્જિદ હતી. મસ્જિદની પાછળની દિવાલ પરના શિલાલેખમાં જણાવાયું છે કે તેનું નિર્માણ ઈ.સ. ૧૩૭૩ માં ઈલ્યાસ શાહના પુત્ર સિકંદર શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. ઈલ્યાસ શાહી વંશના બીજા સુલતાન સિકંદર શાહે ઈ.સ. ૧૩૬૯માં પોતાને અરબ અને પર્શિયાના સુલતાનોમાં સૌથી મહાન જાહેર કર્યો હતો. ૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીને મહિનાઓ બાકી હતા ત્યારે ભાજપના રાજ્યસભા સાંસદ અને હાલના બંગાળ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યે આ મુદ્દો સંસદમાં ઉઠાવ્યો હતો. તાજેતરમાં માલદા જિલ્લા પોલીસે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે તેમણે સોશ્યલ મીડિયા પોસ્ટ વિશે સાંભળ્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક વ્યક્તિઓ અદીના સ્મારકની મુલાકાત લેવા અને પૂજા અને અન્ય સમારોહ સહિત ધાર્મિક વિધિઓ કરવા માંગે છે. સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે અદીના સ્મારક એ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વનું કેન્દ્રિય રીતે સંરક્ષિત સ્મારક છે અને પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ, ૧૯૫૮ ની જોગવાઈઓ દ્વારા સંચાલિત છે. સંરક્ષિત સ્મારક પરિસરમાં કોઈ પણ ધાર્મિક વિધિઓ કરવાની મંજૂરી નથી. કોઈ પણ ઉલ્લંઘનના કિસ્સામાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

ભાજપના રાજ્યસભા સાંસદ અને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ સિંહાએ આ વિવાદની તુલના અયોધ્યા બાબરી મસ્જિદ વિવાદ સાથે કરી હતી. તેમના કહેવા મુજબ આદિનાથ મંદિરના સંબંધમાં પ્રબળ ધાર્મિક લાગણીઓ પ્રવર્તે છે. રામ મંદિર અને અન્ય મંદિરોની જેમ, તેને પણ તોડી પાડવામાં આવ્યું હતું અને તેના પર મસ્જિદ બનાવવામાં આવી હતી. મંદિરની આસપાસની ધાર્મિક ભાવનાને અવગણવી ન જોઈએ અને સત્યનો વિજય થવો જોઈએ. હિન્દુ દેવતાઓની મૂર્તિઓ હજુ પણ આદિના મસ્જિદમાં જોવા મળે છે. જ્યાં સુધી મને યાદ છે ત્યાં ઘણા સમય પહેલાં પૂજા થતી હતી. મંદિરની જમીન પર પણ અતિક્રમણ કરવામાં આવ્યું હતું.

ઈતિહાસકારોના મતે, અદીના મસ્જિદનું બાંધકામ બંગાળ સલ્તનતના શાસક ઈલ્યાસ શાહના શાસનકાળ દરમિયાન શરૂ થયું હતું અને ૧૩૭૪માં તેમના પુત્ર સુલતાન સિકંદર શાહ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું. અદીનાનો અર્થ ફારસી ભાષામાં શુક્રવાર થાય છે, તેથી તેને જુમા મસ્જિદ તરીકે પણ ઓળખવામાં આવતી હતી. તે સમયે, આ મસ્જિદ સમગ્ર ભારતીય ઉપખંડમાં સૌથી મોટી મસ્જિદ હતી. કેટલાક ઈતિહાસકારો તેને સીરિયામાં દમાસ્કસની મહાન મસ્જિદ સાથે સરખાવે છે. સિકંદર શાહે આ મસ્જિદમાં પોતાનો મકબરો બનાવ્યો હતો. મસ્જિદની સ્થાપત્ય શૈલી ઈસ્લામિક અને બંગાળી શૈલીનું મિશ્રણ છે, જેમાં હિન્દુ-બૌદ્ધ મંદિરોમાંથી પથ્થરોનો ફરીથી ઉપયોગ કરવામાં આવ્યો છે. આ હકીકતે મંદિર એક મસ્જિદ હોવાના દાવાને મજબૂત બનાવ્યો.

આ મસ્જિદને લગતો વિવાદ નવો નથી. મે ૨૦૨૨ માં પણ આવો જ હોબાળો મચી ગયો હતો જ્યારે તત્કાલીન રાજ્ય ભાજપ ઉપાધ્યક્ષ રથેન્દ્ર બોઝે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે આદિનાથ મંદિર આ અદીના મસ્જિદની નીચે આવેલું છે. એક ઈતિહાસ જેનાથી ઘણાં લોકો અજાણ છે. આ પછી, વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ના કાર્યકરોએ એવો પણ દાવો કર્યો હતો કે મસ્જિદની અંદરની કેટલાંક શિલ્પો, કોતરણી અને આકૃતિઓ સાબિત કરે છે કે તેમાં એક સમયે હિન્દુ મંદિર હતું. VHP પશ્ચિમ બંગાળના પ્રવક્તા સૌરીશ મુખર્જીએ પણ જણાવ્યું હતું કે મસ્જિદની દિવાલો અને થાંભલાઓમાં ફક્ત મંદિર સ્થાપત્યમાં જ જોવા મળતાં પ્રતીકો છે.

ફેબ્રુઆરી ૨૦૨૩ માં જ્યારે વૃંદાવન યુનિવર્સિટી ટ્રસ્ટના પ્રમુખ હિરણ્મય ગોસ્વામીએ કેટલાક પૂજારીઓ સાથે અદીના મસ્જિદ સંકુલની મુલાકાત લીધી ત્યારે આ વિવાદ ફરી એક વાર સામે આવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે મસ્જિદમાં હિન્દુ દેવતાઓની મૂર્તિઓ અને પ્રતીકો હાજર છે અને મસ્જિદ ખરેખર આદિનાથ મંદિરની ટોચ પર બનાવવામાં આવી હતી. ગોસ્વામી અને તેમના સાથીઓએ ત્યાં પૂજા કરવાનું શરૂ કર્યું, પરંતુ સ્થાનિક રહેવાસીઓએ પોલીસને જાણ કરી હતી, જેના પગલે પોલીસે પૂજા બંધ કરાવી દીધી અને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણે ત્યાર બાદ હિરણ્મય ગોસ્વામી વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. ઘટના બાદ મસ્જિદ સંકુલ બંધ કરી દેવામાં આવ્યું. ASI એ સમગ્ર સ્થળે CCTV કેમેરા લગાવ્યા અને સુરક્ષા માટે પોલીસ ચોકી સ્થાપી હતી.

સીપીઆઈ(એમ) ના રાજ્ય સચિવ અને પોલિટબ્યુરો સભ્ય મોહમ્મદ સલીમે કહ્યું કે તે ભાજપની એક પરિચિત રમત છે. ભાજપ કે આરએસએસ, જ્યારે પણ તેમને પગપેસારો કરવા મળે છે, ત્યારે તેઓ આ રમત શરૂ કરે છે. પહેલા તબક્કામાં, તેઓ ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે. પછી તેઓ સંઘર્ષ અને વિભાજન કરાવે છે. અદીના મસ્જિદ તેનું નવીનતમ ઉદાહરણ છે. તેઓ હુગલી, બર્ધમાન, ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણાં જિલ્લામાં પણ આવી વસ્તુઓ શોધવાનું શરૂ કરશે. તેમણે ઉત્તર પ્રદેશમાં આ કાર્યને મજબૂત બનાવ્યું છે અને હવે આવી વસ્તુઓ બંગાળમાં બનશે.

**આદિનાથ પુરાતન શિવ મંદિરના મુખ્ય રક્ષક અને ગુડ ગવર્નન્સ વિંગના કન્વીનર કાજલ ગોસ્વામીના જણાવ્યા અનુસાર આ મસ્જિદમાં હિન્દુ અને બૌદ્ધ (હકીકતમાં જૈન ) મૂર્તિઓ છે**

## BUSINESS મિત્ર

# આગામી અઠવાડિયું બજાર માટે આકરી કસોટી

**ગત** સપ્તાહમાં સેન્સેક્સ 2000 પોઇન્ટથી વધુ તૂટયો

**પાંચ** દિવસ સતત ઘટાડા બાદ હવે ૨૩૬૦૦નું લેવલ તૂટશે તો મંદી વધુ ઘેરી બનવાની ભીતિ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25 ગત સપ્તાહ દરમ્યાન ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ રહ્યું હતું, સપ્તાહના તમામ સેશનમાં સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા, જેમાં નિફ્ટીએ 23800ની સપાટી તોડી નાંખી હતી જ્યારે સેન્સેક્સમાં સપ્તાહ દરમ્યાન 2000 પોઈન્ટથી વધુનો ઘટાડો નોંધાયો છે.

વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ અને અમેરિકાનો સતત ઈરાન પર હુમલો થવાના કારણે ફરીથી હોર્મુઝ સ્ટ્રેટ ખોરંભાઇ ગયો હતો. આ સિવાય લાલ સમુદ્રમાં હુથી બળવાખોરોએ અંતરાયો ઉભા કરતા ક્રુડ ઓઈલના ભાવ 100 ડોલરને ટચ કરી દીધા છે. નિષ્ણાંતોના મતે આ સ્થિતિ ચાલુ રહેશે તો ક્રુડના ભાવ વધીને 120 ડોલરને પાર નીકળી જાય તેવી ભીતિ વ્યક્ત કરી છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે, વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની વચ્ચે આગામી સપ્તાહમાં નિફ્ટી 23600 પોઈન્ટની સપાટી તોડશે તો શેરબજારમાં વધુ ખાનાખરાબી જોવા મળી શકે છે અને શેરબજારમાં મંદી વધુ ઘેરી બની શકે છે. આ સમયે બજાર રીકવર થાય તો ફરીથી 24200 પોઈન્ટ તરફ આગેકૂચ કરશે.

સપ્તાહના અંતિમ દિવસ શુક્રવારે નિફ્ટી 102 પોઈન્ટ ઘટ્યો હતો અને આ સતત પાંચમા દિવસે ઘટાડો જોવાયો હતો. આમ, સમગ્ર સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ અને નિફ્ટી ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. હાલમાં પરિણામોની મોસમ ચાલી રહી છે, જેના મિશ્ર પ્રતિસાદ સાંપડી રહ્યા છે. કેટલીક કંપનીઓ અંદાજો કરતા સારા પરિણામ જાહેર કરી રહી છે, જ્યારે કેટલીક કંપનીઓ નબળા પરિણામ આપી રહી છે. આમ, મિશ્ર પ્રતિસાદ જવાઈ રહ્યો છે, એક સારી બાબત નથી. જેથી વધુ અસ્થિરતા જોવા મળી શકે છે. વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 2091 પોઈન્ટ એટલે કે 2.68 ટકા ઘટીને 76059.77 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી 566.85 પોઈન્ એટલે કે 2.33 ટકા ઘટીને 23767.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. જ્યારે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.60 ટકા ઘટીને 16683.27 પોઈન્ટ અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 2.41 ટકા ઘટીને 6924.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. ચાર્ટીસ્ટની નજરે જોઈએ તો હાલમાં ટુંકાગાળામાં બજારની સ્થિતિ નબળી પડી રહી છે. જે વધઘટે ઘટાડા તરફી વલણ દર્શાવી રહી છે. આમ, આગામી સપ્તાહ માટે નિફ્ટીમાં 23600 પોઈન્ટની સપાટી ખૂબ જ મહત્વની સાબિત થનારી છે અને આ સપાટીની નીચે વધુ ઘેરી મંદી આવવાની સંભાવના છે, અને જો આ લેવલ ટકી જાય તો બપજારમાં પ્રત્યાઘાતી સુધારો આવવાની સંભાવના છે.

# શેરબજારમાં DIIની ખરીદી 16 મહિનાના તળિયે

**DIIએ** સેકન્ડરી બજાર છોડી IPO માર્કેટ પર પસંદગી ઉતારી

મુંબઈ, તા. 25: અમેરિકાએ ઈરાન પર ફરીથી યુદ્ધ શરૂ કરી દીધું છે અને તેના લીધે હોર્મુઝ સ્ટ્રેટની સાથે લાલ સમુદ્ર પર હુથી બળવાખોરોની ધમકીના પગલે સપ્લાય ચેઈનને મોટી અસર પડી રહી છે. માલની અવનજવન ખોરવાઈ ગઈ છે, જેથી ક્રુડ ઓઈલ સહિતના ભાવ ઉછળ્યા છે અને 100 ડોલર પર પહોંચી ગયા છે. આ સિવાયના આયાત-નિકાસના માલસામાન પર પણ અસર જોવા મળી છે, જેનાથી શેરબજારમાં વધઘટે ઘટાડા તરફી વલણ જોવા મળી રહ્યું છે. ભારતીય શેરબજારમાં ડીઆઈઆઈની ખરીદી વર્તમાન જુલાઈમાં નીચી રહીને 16 મહિનાના તળિયે રહેવાની શકયતા જોવાઈ રહી છે. બેન્કો, મ્યુચ્યુઅલ ફન્ડસ, વીમા કંપનીઓ તથા પેન્સન ફન્ડસનો ડીઆઈઆઈમાં સમાવેશ થાય છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

# ભારતીય PC માર્કેટમાં ઐતિહાસિક ઉછાળો

**Q1** 2026માં વેચાણ 32% વધ્યું

**સરકારી** પ્રોજેક્ટ્સ, AI લેપટોપ્સની માંગ અને વિન્ડોઝ અપગ્રેડથી નોટબુક શિપમેન્ટમાં રેકોર્ડબ્રેક વૃદ્ધિ

મુંબઈ, તા. 25: ભારતીય પર્સનલ કોમ્પ્યુટર (PC) બજાર હાલમાં તેના સૌથી મજબૂત તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વર્ષ 2026ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (Q1 2026) PC ક્ષેત્રનું વેચાણ વાર્ષિક ધોરણે 31.9 ટકા વધીને 4.4 મિલિયન યુનિટ પર પહોંચી ગયું છે. આ અગાઉ વર્ષ 2025માં રેકોર્ડબ્રેક 1.59 કરોડ યુનિટ શિપ થયા હતા.

આ વૃદ્ધિમાં મુખ્ય યોગદાન નોટબુક સેગમેન્ટનું રહ્યું છે, જેમાં 44.8 ટકાનો મજબૂત વધારો નોંધાયો છે, જ્યારે ડેસ્કટોપમાં 2.7 ટકાનો મામૂલી ઘટાડો અને ટેબ્લેટ વેચાણ 5.8 ટકા વધીને 1.1 મિલિયન યુનિટ થયું છે.

**બજાર પર મુખ્ય કંપનીઓનો દબદબો:**

HP (29.1%): પ્રથમ ક્રમે, કોમર્શિયલ સેક્ટરમા મજબૂત પકડ.

Lenovo (18.7%): બીજા ક્રમે, ગેમિંગ અને SMB સેગમેન્ટમાં ઝડપી વૃદ્ધિ.

Acer (₹14%): ત્રીજા સ્થાને, સરકારી ઓર્ડર્સમાં અગ્રેસર.

Dell, Asus અને Apple: પ્રીમિયમ, કન્ઝ્યુમર અને AI સેગમેન્ટમાં સતત આગળ વધી રહ્યા છે.

**વૃદ્ધિના મુખ્ય કારણો:**

AI PCની માંગ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ફીચર્સવાળા લેપટોપમાં 129 ટકાનો રેકોર્ડબ્રેક ઉછાળો.

સરકારી પ્રોજેક્ટ્સ: તમિલનાડુના ELCOT જેવા શૈક્ષણિક પ્રોજેક્ટ્સ હેઠળ જથ્થાબંધ ખરીદી.

અપગ્રેડ સાયકલ: વિન્ડોઝ 10નો સપોર્ટ પૂરો થતાં કંપનીઓ વિન્ડોઝ 11 પર શિફ્ટ થઈ રહી છે તેમજ કોવિડ સમયના જૂના PC બદલાઈ રહ્યા છે.

વૈશ્વિક ઘટકોની અછતને કારણે ભાવમાં 15-20% વધારાની શક્યતા હોવા છતાં, ભારત સરકારની PLI સ્કીમ હેઠળ સ્થાનિક ઉત્પાદન વધતાં લાંબા ગાળે આ ક્ષેત્ર વધુ મજબૂત બનશે.

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-૩૦ | ૫૦૦૦ |
| એસ-૩૦ | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** — (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૮૨૦૦ |
| તેજાબી સોનું | ૧૪૮૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૭૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૫૨૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૮૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૦૨૫૦ |
| ચાંદી સિક્કા | ૨૩૧૭૫૦ |

### કરદાતાને શો-કોઝ નોટિસ ઇશ્યુ કરતા પહેલાં

# કર વ્યાજ તથા માત્ર 15 ટકા દંડ ચૂકવી કાર્યવાહિનું સમાધાન કરવાનો કાયદેસરનો અધિકાર છિનવી શકાય નહીં

## નામદાર અલ્હાબાદ હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ સમક્ષના કેસમાં અરજદારને ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટના ખોટા ઉપયોગના આરોપસર ફોર્મ GST-DRC-01માં શો-કોઝ નોટિસ આપવામાં આવી હતી. પરંતુ તે પહેલાં અરજદારને ફોર્મ GST-DRC-01A દ્વારા કોઈ પ્રિનોટિસ ઈન્ટીમેશન આપવામાં આવ્યું ન હતું અને નામદાર હાઈકોર્ટ ઠરાવ્યું કે કરદાતાને કર, વ્યાજ તથા માત્ર 15 ટકા દંડ ચૂકવી, કાર્યવાહીનું સમાધાન કરવાનો કાયદેસરનો અધિકાર નકારી શકાય નહીં. ખેર! નામદાર અલ્હાબાદ હાઈકોર્ટના મે. વર્લ્ડ ફોન ઈન્ટરનેટ વિ. સુપ્રિન્ટેન્ડન્ટ-રીટટેક્ષ નં. 2707/2026ના તા. 25-5-26ના તાજેતરના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

અરજદારને ઈન્પૂયટેક્ષ ક્રેડિટના મોટા ઉપયોગના આરોપસર ફોર્મ GST-DRC-01માં શો કોઝ નોટિસ આપવામાં આવી હતી. એ નિર્વિવાદ બાબત હતી કે એંજદારને તે પહેલાં ફોર્મ GST-DRC-01A દ્વારા કોઈ પ્રિ નોટિસ ઈન્ટીમેશન-સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું ન હતું.

અરજદારના વિધ્વાન કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે પ્રિનોટિસ ઈન્ટીમેશન નહીં આપવાની ચૂકને કારણે, કલમ 74(5) હેઠળ મળતો અરજદારનો મહત્ત્વપૂર્ણ અધિકાર છિનવાય ગયો હતો. સદરહ જોગવાઈ મુજબ, શો-કોઝ નોટિસ પહેલાં, ટેક્ષ, વ્યાજ તથા માત્ર 15 ટકા દંડ ભરી કાર્યવાહીનું સમાધાન કરી શકાય છે તો...

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

ખાતા તરફથી વિધ્વાન કાઉન્સેલે દલીલ કરતાં જણાવ્યું કે નિયમ 142(1એ)માં 'may' શબ્દ હોવાથી DRC-01A આપવું ફરજિયાત નથી અને તે નિયમ વૈકલ્પિક છે. અધિકારી ઠીક લાગે તો GST-DRC-01A ઈશ્યુ કરી શકે કે ઈશ્યુ ન પણ કરી શકે. તા. 15-10-20ના નોટિફીકેશનથી, નિયમ 142(1એ) સુધારી 'Shall'ને બદલે 'may' લાવવામાં આવ્યો છે અને તેમ સુધારી સરકારે તા. 15-10-20 થી જોગવાઈ વૈકલ્પિક બની જાય છે.

**ચૂકાદો....**

ના.હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે ખાતાની આ દલીલ સ્વીકાર્ય નથી. ના.હાઈકોર્ટે જણાવ્યું કે કલમ 74(5) અને નિયમ 142(1-એ)નું અર્થઘટન સુભેવભર્યું કરવું જોઈએ કલમ 74(5) કરદાતાને મૂળભૂત અધિકાર આપે છે અને નિયમનું એવું અર્થઘટન થઇ શકે નહીં જે આ અધિકારને માત્ર ઔપચારીક બનાવી દે. GST-DRC-01A ઈશ્યૂ કરવા પાછળનો હેતુ માત્ર દંડમાં રાહત આપવાનો ન હતો. તેનો ઉદેશ અનાવશ્યક વિવાદો ઘટાડવાનો, સ્વૈચ્છીક કરપાલનને પ્રોત્સાહન આપવાનો અને યોગ્ય સંવાદ પછી જ વિવાદત્મક કાર્યવાહિનો આશારો લેવામાં આવે એ હતો. કલમ 74(5) નિયમ 142(1-એ) સાથે વાંચતા DRC-01માં નોટિસ ઈસ્યુ કરવી ફરજિયાત છે એમ જણાવી રીટ-પીટીશન મંજૂર કરી અને ના.હાઈકોર્ટ કરદાતા શો-કોઝ નોટિસનો જવાબ દાખલ કરે ત્યાં સુધી કલમ 74(5) હેઠળનો અધિકાર જાળવી રાખે છે એમ જણાવી કોર્ટે અરજદારને 15 ટકાના દંડ સાથે સમાધાન કરવાની મંજૂરી આપી.

# HDFC બેન્કમાં FIIની મોટી એક્ઝિટ

**પાંચ** વર્ષ પહેલા વિદેશી રોકાણકારોનો હિસ્સો 70 ટકા હતો, તે ઘટીને 42 ટકા થઇ ગયો

નવી દિલ્હી, તા. 25: ભારતની સૌથી મોટી બેન્ક એચડીએફસી બેન્કમાં વિદેશી રોકાણકારોનું સતત વેચાણ હવે એક મોટું સંકેત બની રહ્યું છે. નાણાકીય વર્ષ 2027ના પ્રથમ કવાર્ટરના પરિણામો પછી એછડીએફસી બેન્કના શેરમાં 8 ટકાનો ઘટાડો થયો હતો. જે છેલ્લા ત્રણ દિવસથી સતત ઘટી રહ્યો છે અને છેલ્લે રૂ. 743.50ના સ્તરે બંધ રહ્યો હતો. છેલ્લા છ મહિનામાં એચડીએફસી બેન્કના શેરમાં 20 ટકાનો ઘટાડો થયો છે.

એચડીએફસી બેન્કમાંથી એફઆઈઆઈ સતત એકઝીટ થઈ રહી છે, તેની સામે ઘરેલું સંસ્થાઓ તેમજ રિટેલ રોકાણકારો ખરીદી કરી રહ્યા છે. પરિણામે એચડીએફસી બેન્કમાં એફઆઈઆઈનો હિસ્સો ઘટીને 4.182 ટકા થઇ ગયો છે. જે પાંચ વર્ષમાં સૌથી નીચલા સ્તરે છે. એક સમય હતો કે વિદેશી રોકાણકારોનો હિસ્સો 70 ટકા જેટલો હતો. જેમાં 2021માં બેન્કમાં એફઆઈઆઈનો હિસ્સો 69થી 72 ટકાની વચ્ચે હતો, જે ધીમે ધીમે ઘટવા લાગ્યો હતો. જે 2023માં ઘટીને 52થી 55 ટકા પર પહોંચી ગયો હતો. ત્યારબાદ એફઆઈઆઈની હિસ્સો બેન્કમાંથી સતત ઘટી રહ્યો છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે, એચડીએફસી બેન્ના શેરોમાં એફઆઈઆઈની વેચવાલીનું એક નહીં અનેક કારણો છે.